ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૭-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### એસિડના વેચાણ પર સખત નિયંત્રણ જરૂરી છે

હમણાંથી સર્વોચ્ચ અદાલત એના દૂરોગામી અસરો ધરાવતા ચુકાદાઓની હેટ્રિક લગાવી રહી છે. છેલ્લે સાત વર્ષથી એસિડ ખુલ્લા વેચાણ સામે પ્રતિબંધ લાદવા માટેની અરજદાર લક્ષ્મીની માગણી ગ્રાહ્ય રાખી સુપ્રીમ કોર્ટ સરકારને નાક લીટી તણાવી છે. સરકારે એસિડ એ ઝેર હોવાની વાત સ્વીકારી છે અને એના વેચાણ પર નિયંત્રણો લાગુ કરવાનું નક્કી કર્યું છે. એસિડ હુમલાનો શિકાર બનેલી દિલ્હી નિવાસી લક્ષ્મી નામની યુવતીએ ૨૦૦૬માં ખુલ્લા બજારમાં એસિડના વેચાણ પર અંકુશ મૂકવાની માગણી કરતી અરજી દાખલ કરી હતી. એસિડ સામાન્ય ઘર વપરાશની વસ્તુ તરીકે હરકોઈને ઉપલબ્ધ રસાયણ છે. બાથરૂમ અને ટોયલેટની સફાઈ માટે એસિડ વપરાતો હોય છે તેમ શાળા-કોલેજ તથા ઉદ્યોગોમાં એસિડની જરૂર રહે છે. સામાન્ય રીતે આ તેજાબ સાચવીને રાખવાની વસ્તુ ગણાય છે પરંતુ એનો વ્યાપક સ્તરે દુરુપયોગ પણ થતો રહે છે. ક્યારેક ભૂલથી કે આત્મહત્યાના ઈરાદાથી એસિડ ગટગટાવી જવાની ઘટનાઓ બને છે. વિશેષપણે પ્રેમમાં નિરાશા મળતાં સામી વ્યક્તિના ચહેરા પર એસિડ છાંટી એનું વેર વાળવાનો પ્રયાસ કરાય છે. યુવતીઓ આવા એસિડ હુમલાનો વિશેષ ભોગ બનતી રહી છે. લક્ષ્મી આવી જ એક બદનસીબ યુવતી છે જેની જિંદગી એના એક સમયના પ્રેમીએ એના પર એસિડ છાંટીને અંધકારમય બનાવી દીધી છે. એક તરફી પ્રેમના આવેશમાં અથવા યુવતીના પક્ષે મજબૂરી હોય અને તે સાનુકૂળ પ્રતિસાદ ન પાઠવે ત્યારે આવા હુમલા હવે રોજિંદી ઘટના બની ગયા છે. લક્ષ્મીએ પોતાની જેમ બીજા લોકોને આવી ક્રૂર સજા ન ભોગવવી પડે તે માટે એસિડના ખુલ્લા વેચાણ પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી હતી. સુપ્રીમ કોર્ટે સરકારને આ મુદ્દે પોતાની રજૂઆતની તક આપી છે. એ અંગે ફક્ત સુનિર્ધારિત પોલિસી ઘડવાથી કામ નહીં સરે, એ પોલિસીનો ચુસ્ત અમલ પણ કરવો પડશે એવી તાકીદ કરી છે. સરકાર હવે એસિડની ખરીદી માટે લાઈસન્સ ફરજિયાત બનાવી રહી છે. અત્યાર સુધી ઘરવપરાશની વસ્તુ લેખે એસિડ કોઈપણ વ્યક્તિને સામાન્ય કરિયાણાની દુકાનેથી પણ મળી શકતો હતો. આથી એસિડ હુમલા માટે એસિડની પ્રાપ્તિ એ અત્યંત સરળ પ્રક્રિયા હતી. હવે પછી એસિડ ઝેરની કેટેગરીમાં મુકાતાં એને વેચવા માટે લાઈસન્સ અનિવાર્ય બનશે અને તે અઢાર વર્ષથી ઉપરની વયના પુખ્ત નાગરિકોને એમના ફોટાવાળાં ઓળખપત્ર બતાવ્યા પછી જ વેચી શકાશે. લક્ષ્મીનાં મહિલા વકીલે તો એસિડ ખરીદવા માટે પણ લાઈસન્સ જરૂરી ગણાવું જોઈએ એવી માગણી મૂકી છે. પોલિસી ગમે તેટલી સારી હોય પણ એનો ચુસ્ત અમલ ન કરાતો હોય તો એવો કાયદો પોથીમાંનાં રીંગણાં જ બની રહે છે. ગુજરાતમાં દારૂબંધીનો કાયદો તો અમલમાં છે, છતાં સૌ જાણે છે કે એનો કેવો અને કેટલો અમલ થતો હોય છે. એસિડના વેચાણ પર પ્રતિબંધ મૂકવા અંગે રાજ્યનો અભિપ્રાય માગવામાં આવ્યો છે તેમાં ફક્ત પાંચ રાજ્યોએ સંમતિ આપી છે. ગુજરાત સહિત કેટલાંક રાજ્યો એના વિરોધમાં છે. તેથી કોર્ટ આ મુદ્દે ચુસ્ત કેન્દ્રીય નીતિ પર ભાર મૂકી રહી છે.

એસિડ હુમલાથી ભોગ બનેલી વ્યક્તિની જિંદગી ઝેર બની જતી હોય છે. વિશેષતઃ છોકરીઓ માટે એવો વિકૃત ચહેરો લઈને સમાજ વચ્ચે જીવવું કપરું બની રહે છે. આવા હુમલા પછી આંખો સહિત ચહેરા તથા શરીરનાં અન્ય અંગ-ઉપાંગોને થયેલ ઈજાના ઈલાજ પાછળ લાખો રૂપિયા ખર્ચ કર્યા પછી પણ એ મૂળ સ્વરૂપ પાછું મળી શકતું નથી. એથી થનારા માનસિક આઘાતથી વ્યક્તિ ભાંગી પડે છે અને ક્યારેક હતાશ થઈ આત્મહત્યા પણ કરી લે છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ એસિડના વેચાણ પર નિયંત્રણ લદાય એટલું જ નહીં, બલકે એસિડ હુમલો કરનારને સખતમાં સખત સજાની જોગવાઈ કરાય તે પણ ખૂબ જરૂરી છે.

# પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થતાં કોર્ષ પૂર્ણ ન થાય તેવી સ્થિતિ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોમર્સ, આર્ટસ, સાયન્સ, બી.એડય એમ.એડ. સહિતની વિદ્યાશાખાઓમાં હજુ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરીણામને બે મહિના જ્યારે સામાન્ય પ્રવાહના પરીણામને એક મહિનો વિતવા છતાં હજુ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરાઈ નથી. જેના કારણે આ વર્ષે દરેક શાખાના પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસક્રમ પુરો ન થાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જોહાર કર્યે એક મહિના કરતા વધુ સમય વીતી ચુક્યો છે જ્યારે સામાન્ય પ્રવાહના પરીણામ જાહેર થયે પણ સમય વ્યતીત થઈ ચુક્યો છે. તેમ છતાં ગાજરાત યુનિવર્સિટી દ્વારા આર્ટસ, સાયન્સ કોમર્સ, બી.એડ. એમ.એડ. સહિતની વિદ્યાશાખાઓમાં પ્રવેશ પ્રક્રિયા હજુ સુધી ચાલી રહી છે. રાજ્યનાં શિક્ષણ વિભાગ દ્વારા કરાયેલ જાહેરાત મુજબ આ વર્ષે પ્રથમ સત્ર ૧૫ જુનથી ૩૦ ઓક્ટોબર સુધી ચાલવાનું છે. આવી સ્થિતિમાં હવે જો પ્રથમ ઓગસ્ટથી પણ કોલેજોનું શૈક્ષણિક કાર્ય શરૂ કરાય તો ત્રણ મહિનામાં પ્રથમ સેમેસ્ટરનો અભ્યાસક્રમ પુરો કરવો એ દરેક કોલેજો માટે લોઢાના ચણા ચાવવા જેવી બાબત બની રહેશે. આ ત્રણ મહિના દરમિયાન વચ્ચે જન્માષ્ટમી, રક્ષાબંધન, પ્રજાસત્તાક દિવસ, નવરાત્રી જેવા જાહેર તહેવારો આવતા હોવાથી મોટા પ્રમાણમાં શૈક્ષણિક કાર્યનો સમય બગડે તેવી સ્થિતિ છે. ત્યારે આ વર્ષે પ્રવેશ પ્રક્રિયાનાં કારણે પ્રથમ સેમિસ્ટરનો કોર્ષ પૂર્ણ ન થાય તો વિદ્યાર્થીઓને ભોગવવાનો વારો આવી શકે છે. ઉલ્લેખનીય છે કે કોલેજોમાં પ્રથમ સત્ર ૧૫ જુનથી ૩૦ ઓક્ટોબર સુધીનું છે. તેમ છતાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાઓમાં હજુ સુધી પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે.

યુનિવર્સિટીના નિયમ મુજબ ૩૦ ઓક્ટોબર પહેલાં કોલેજોએ પ્રથમ પરીક્ષા પૂર્ણ કરવાની હોય છે. આવી સ્થિતિમાં માત્ર ગણતરીના દિવસોમાં વિદ્યાર્થીઓનો અભ્યાસ વગર જ પ્રથમ પરીક્ષા આપવી પડે તેવી સ્થિતિ સર્જાય તેવી શકયતા છે.





ના સાહેબ બહેનને માતાજીનો પવન નથી આવતો. હમણાં આ બહેન શાકનો ભાવ પુછે છે અને થોડીવાર આમ કરી ઘરે જતા રહે છે...!

## જુનીયર હોકી રમત સ્પર્ધામાં જે.એમ. ચૌધરી વિદ્યાલય પ્રથમ

ગાંધીનગર, તા. ૧૭

જિલ્લાની જવાહરલાલ જુનીયર વિભાગની હોકી રમત સ્પર્ધા સાંઈ મેદાનમાં યોજાઈ હતી. જેમાં ગ્રાન્ટેડ વિભાગની બહેનોએ જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્ય તથા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

પટેલ રશ્મી કે, પ્રજાપતિ ક્રિષ્ના બી., પરમાર હમાક્ષી જી., શ્રીમાળી જીનલ એસ., પ્રજાપતિ પ્રિયંકા, પંડયા ચક્ષુ એચ., પરીખ ધરા એમ, બિનલ જે., શ્રીમાળી પરિતા વી., સોલંકી હેમાંગીની, રાણા જનક, તેલી રીતુ, ડામોર અસ્મિતા, પટેલ અપેક્ષા, ચૌધરી જાનુ, ચૌહાણ નિશાએ સારા દેખાવ બદલ અભિનંદન પાઠવ્યા છે.

## આદર્શ નિવાસી શાળામાં વાચન શિબિર યોજાઈ



આદર્શ નિવાસી શાળા (અ.જા. કન્યા) સેકટર-૧૩ દ્વારા વાંચન શિબિરનું આયોજન આજ રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ સેકટર-૧૨ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતાં. તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સેકટર-૧૩ ખાતે આવેલ આદર્શ નિવાસી શાળા (અ.જા. કન્યા) દ્વારા બાળકોમાં વાંચન પ્રત્યે શોખ જાગે તે માટે વાંચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં શાળાની ૧૦૦ વિદ્યાર્થીઓ અને સ્ટાફના મિત્રોએ પોતે વાંચેલા પુસ્તકો વિશે પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. શિબિરમાં અતિથિ વિશેષ તરીકે આંબેડકર હોલના ગ્રંથપાલ શ્રીમતી નયનાબેન સંપટ હાજર રહ્યા હતા તેમજ તેમની તરફથી પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને રોકડ ઈનામ આપી પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. વી.સી. ઉપાધ્યાયે ઉપસ્થિત મહેમાનોનો આભાર માન્યો હતો. જયારે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શાળાની ધોરણ-૧૧ની વિદ્યાર્થીની પૂજા પરમાર અને ડિમ્પલ ઝાલાએ કર્યું હતું. શાળાના આચાર્ય કુસુમબેન તેમજ સ્ટાફના મિત્રોએ શિબિરને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## સેકટર-૮ વસાહત મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૧૭

સેકટર-૮ વસાહત મંડળ દ્વારા દર વર્ષની જેમ (૨૦૧૨-૧૩) ધોરણ-૧ થી ૯માં અભ્યાસ કરતા સેકટરના વિદ્યાર્થી ભાઈ-બહેનો કે જેઓએ ૭૫ ટકાથી વધુ ટકા પ્રાપ્ત કર્યા છે. તેવા તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે. જેથી તેજસ્વી તારલાઓએ તેમની માર્કશીટની ઝેરોક્ષ નકલ તા. ૩૧-૭-૧૩ સુધીમાં મંડળના પ્રમુખ રમણભાઈ મકવાણા (રહીમભાઈ) પ્લોટ નં. ૩૨૧/૧ આસોપાલવ સોસાયટી સેક્ટર-૮, ઉપપ્રમુખ ગીરીશભાઈ યાદવ પ્લોટ નં. ૮૧૫, સે. ૮ તેમજ મહામંત્રી પ્રેમસિંહ રાજપૂત પ્લોટ નં. ૪૨૭/૨, ગીતાંજલિ પાર્ક, સે. ૮ ખાતે પહોંચાડવાની રહેશે. ત્યારબાદ આવેલ માર્કશીટની કોપી સ્વિકારવામાં આવશે નહી તેમ મંડળના મહામંત્રી પ્રેમ રાજપૂતે જણાવ્યું છે.

## સુબ્રતો ફૂટબોલ સ્પર્ધામાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજનો વિજય

ગાંધીનગર, તા. ૧૭

સુબ્રતો ફૂટબોલ સ્પર્ધા જે ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ શાળાના મેદાનમાં યોજાઈ ગઈ જેમાં કુલ-૮ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં સેમી ફાઈનલમાં ડી.પી.એસ. શાળાને ૩-૧ ગોલથી હરાવી ફાઈનલમાં રનર્સઅપ રહેલી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ ખુબ સારો દેખાવ કર્યો હતો. જેમાં જય મુલે, રાજ પટેલ, મિલિન્દ ચૌધરી દ્વારા એક એક ગોલ ફટકારી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. જેમાં રનર્સ અપ રહેલી ઈન્ફોસીટીની ટીમમાંથી મિલિન્દ ચૌધરીની રાજ્ય કક્ષાની અન્ડર-૧૯ ટીમમાં પસંદગી પામ્યો છે. સાથોસાથ ફાઈનલમાં સુંદર દેખાવ કરી શાળાની ટીમ રનર્સઅપ રહેતા સૌ ખેલાડીઓને શાળાના આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી, ડાયરેકટર શૈલેષ પંડ્યા અને જયેન્દ્રભાઈ પાઠકે અભિનંદન પાઠવ્યા હતા.

## ગણપતપુરા પ્રાથમિક શાળામાં નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ગણપતપુરા પ્રાથમિક શાળમાં ગણપતિ ફાઉન્ડેશન દ્વારા નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ગણપતિ ફાઉન્ડેશનના ઉપપ્રમુખ શ્રી રાધિકાબેન બારોટે જણાવેલ હતું કે સંસ્થા વિવિધ કાર્યક્રમો કરે છે. ગણપતપુરા પ્રાથમિક શાળામાં બાળકોને નોટબુક વિતરણ કરેલ છે. જે ગરીબ બાળકોનું શિક્ષણ ગુણવત્તા સુધરે તેમજ આજની આર્થિક પરિસ્થિતિમાંથી બહાર આવી તેના જીવનની પ્રગતિ થાય તેવા કાર્યો કરતાં આજે અમારી સંસ્થા આનંદની લાગણી અનુભવે છે.

ગણપતિ ફાઉન્ડેશન બ્યુટીપાર્લર, શિવણ, કોમ્પ્યુટર વર્ગો જેવા કાર્યક્રમો નિઃશુલ્ક યોજે છે. ગણપતપુરા, ઉસ્માનબાદ, બહુચરપુરા, પલસાણા, બોરીસણા ગામોને મળે છે. પૃથ્વીભાઈ દવે, લોપાબેન બારોટ, વિજયસિંહ માજીરાણા જહેમત ઉઠાવે છે આચાર્યશ્રી તથા ગ્રામજનોએ સ્ટાફનો આભાર માનેલ છે.

## આદર્શ નિવાસી શાળા સે. ૧૩ ખાતે ગાંધીજીવન દર્શન પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૭

આદર્શ નિવાસી શાળા (અ.જા.કન્યા) સેકટર-૧૩ ખાતે ગાંધીજીવન દર્શન પર વ્યાખ્યાન માળા યોજાઈ હતી. જેમાં ગાંધી વિચાર વર્તુળના સંયોજક ભાનુભાઈ પુરાણી દ્વારા વિષય ઉપર સુંદર વ્યાખ્યાન આપ્યું હતું તેમજ ગાંધીજીવનના માર્મિક પ્રસંગોની સુંદર સમજ કન્યાઓને આપવામાં આવી હતી. સાથોસાથ શાળાની વિદ્યાર્થીનિઓ જેમાં ધોરણ-૧૦ની વિદ્યાર્થિની પરમાર ડિમ્પલે 'ગાંધીજીનો જીવન પરિચય' ધોરણ-૧૧માં અભ્યાસ કરતી પરમાર પૂજા દ્વારા 'જો મને ગાંધી મળે તો' વિષય પર રસપ્રદ પ્રવચન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની ધોરણ-૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની પરમાર જયા અને આભારવિધિ પરમાર ડિમ્પલ દ્વારા કરાઈ હતી. સમગ્ર કાર્યક્રમને શાળાના આચાર્ય કુસુમબેન અને સ્ટાફમિત્રો દ્વારા સફળ બનાવવા પુરતો સહયોગ આપ્યો હતો.

## કલોલ તાલુકાની ગણપતપુરા પ્રા. શાળામાં યોજાયો નોટબુક વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની ગણપતપુરા પ્રા.શાળામાં એન.જી.ઓ. ગણપતિ ફાઉન્ડેશન દ્વારા નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો. ગણપતિ ફાઉન્ડેશનના ઉપપ્રમુખ રાધિકાબેન બારોટ અખબારી યાદીમાં જણાવે છે કે, અમારી સંસ્થા વિવિધ કાર્યક્રમો કરે છે. જેમાં અમારી સંસ્થાએ ગણપતપુરા પ્રા.શાળામાં તમામ બાળકોને નોટબુક વિતરણ કરેલ છે. જે ગરીબ સહાય, નિરાધાર બાળકો હતા તે તમામ બાળકોનું શિક્ષણ ગુણવત્તા સુધરે તેમજ આજની આર્થિક પરિસ્થિતિમાંથી બહાર આવી તેમના જીવનની પ્રગતિ થાય તેવા કાર્યો કરતા આજે અમારી સંસ્થા ખૂબ જ આનંદની લાગણી અનુભવે છે. અમારી સંસ્થા વિવિધ ગામોમાં બ્યુટીપાર્લર, શિવણ, કોમ્પ્યુટર વર્ગો, જેવા વિવિધ કાર્યક્રમો મફત કોઈપણ ફી વગર કરે છે. જેનો લાભ અમો ગણપતપુરા, ઉસ્માનપુરા, બહુચરપુરા, પલસાણા, બોરીસણા જેવા ગામોને પણ આપીશું. અમારી સંસ્થામાં જોડાયેલ અન્ય મિત્રો પૃથ્વીભાઈ દવે, લોપાબેન બારોટ તેમજ વિજયસિંહ માજીરાણા આ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ સહયોગ આપેલ છે. આ પ્રસંગે શાળાના આચાર્ય તથા સ્ટાફગણનો અમો ખૂબ જ આભાર માનીએ છીએ. ગ્રામજનોની ઉન્નતિ માટે આ સંસ્થા ખૂબ જ સક્રિય રીતે કાર્યરત છે.

## ગાંધીનગર શહેર મોચી સમાજે પરિચય પુસ્તિકા તૈયાર કરી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા ૧૨ વર્ષના લાંબા સમયગાળા બાદ પરિચય પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. સમાજના પ્રમુખ ભગવાનભાઈ કે ગોહેલે આ અંગે જણાવ્યા અનુસાર અગાઉ વર્ષ ૨૦૦૧માં સમાજની પરિચય પુસ્તિકા બહાર પાડવામાં આવી હતી. જ્યારે હાલ દાયકાથી વધુ સમય બાદ ૧૨૨ પરિવારોની આ પરિચય પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. પરિચય પુસ્તિકા માટે ૯૯૭૮૪૪૨૦૪૪ તેમજ મો. ૯૮૯૮૦૨૮૧૫૬ પર શૈલેષભાઈ યાદવનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ગૌરીવત્તમાં દીકરીઓને લંચબોક્સમાં શું આપશો...

## બાળકોને લંચબોક્સમાં શું આપશો...

- વીણા પી. વોરા

(ભાગ-૧)

અષાઢ મહિનો એટલે ગૌરીવ્રત, જયાપાર્વતી વ્રત વગેરે વ્રત અને તહેવારોનો સમય - દીકરીઓનો ગૌરીવ્રતમાં નાસ્તામાં આપવાની વાનગીઓ.

**● ડેટ રોલ (ખજૂરની ભાખરવડી)**

સામગ્રી :

કાળી ખજૂર - ૨૦૦ ગ્રામ

મીક્સ ડ્રાયફ્રુટ (કાજુ, બદામ, પિસ્તા) - એક કપ

દળેળી ખાંડ - બે ચમચી

મિલ્ક પાઉડર - બે ચમચી

મલાઇ - બે ચમચી

એચલીનો ભુકો

ખસખસ

ઘી

રીત :- ડ્રાયફ્રુટ બધા રોસ્ટ કરી તેનો ભુક્કો કરવો, તેમાં દળેલ ખાંડ, બે ચમચી મિલ્ક પાઉડર અને બે ચમચી મલાઇ તથા એલચી પાઉડર નાખી સ્ટફીંગ તૈયાર કરવું. ખજૂરને ઠળિયા કાઢી એક ચમચી ઘી મૂકી સાંતળીને પોચી કરવી. પાટલી પર પ્લાસ્ટિક મુકી ખજૂરનો રોટલો વણી તેની ઉપર ડ્રાયફ્રુટનું સ્ટફીંગ પાથરી ફીટ રોલ વાળવો, તેનાં પીસ પાડી ખસખસ ભભરાવવું. તો તૈયાર છે ખજૂરની ભાખરવડી, ડેટ રોલ...

**● સાગા પિનાકલાડા**

સામગ્રી :-

એક કપ સાબુદાણા

૨૦૦ ગ્રામ પનીર

લીલા નાળિયેરની મલાઇ - એક કપ

પાઇનેપલ ટીન

મિલ્ક પાઉડર

દળેટી ખાંડ

બે કપ - દૂધ

એલચી

રીત :-

એક કપ સાબુદાણાને તે ડૂબે તેટલું પાણી નાખી ચારથી પાંચ કલાક પલાળવા જેથી તે ફૂલી જશે પણ તેમાં પાણી નહીં હોય તેમાં બે કપ દૂધ નાખી ઉકાળવા, સાબુદાણા ટ્રાન્સપરન્ટ થાય ત્યારે સમજવું તે બફાઇ ગયા છે એટલે તેમાં પનીર ખમણીને નાખવું, લીલા નાળિયેરની મલાઇ ક્રશ કરી નાખવી, મિલ્ક પાઉડર નાખી ખૂબ હલાવવું, ઘટ્ટ થવા આવે ત્યારે ટીનનું પાઇનેપલ ૧૦૦ ગ્રામ ક્રશ કરી નાખવું અને ખાંડ નાખી ઘટ્ટ થાય ત્યાં સુધી હલાવવું. પછી તેને થાળીમાં પાથરી પીસ લંચબોક્સમાં આવ્યા.

સુબ્રતો ફૂટબોલ સ્પર્ધામાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજનો વિજય



**● લીલી ખારેકનો હલવો**

સામગ્રી :

લાલ રંગની તાજી પોચી ખારેક ૨૦૦ ગ્રામ

ખાંડ - ૧૦૦ ગ્રામ

એક ચમચો - ઘી

૧૦૦ ગ્રામ માવો

એક ચમચો દૂધ

બે ચમચા કાજુનો પાવડર

કાજુના ફાડા

રીત : - ખારેકના ઠળિયા કાઢી તેને મીક્સીમાં ક્રશ કરો તેને કડાઇમાં ઘી નાખી શેકો તેમાં દૂધ અને માવો નાખી લચકા પડતું થાય ત્યાં સુધી હલાવો. ગેસ પરથી ઉતારીને ખૂબ હલાવી અંદરથી વરાળને ઉડી જવા દો પછી તેના નાના બોલ્સ બનાવી તેની ઉપર કાજુનો ફાડો દબાવી પેપરકપમાં મૂકી લંચબોક્સમાં ભરવું.

અત્યારે બજારમાં લાલ અને પીળી ખારેક મળે છે જે ખૂબ જ પૌષ્ટિક છે. દીકરી આ ખારેક બોલ્સનાં રૂપે કે હલવા રૂપે ઇઝીલી ૫ થી ૬ ખારેક ખાઇ શકશે.

**● મીક્સ ફ્રુટ યોગર્ટ :**

સામગ્રી :

મોળું દહીં ૨૦૦ ગ્રામ

ફ્રેશ મલાઇ એક ચમચો

દળેલી ખાંડ અડધો કપ

બદામ અને કાજુના ટુકડા

કીસમીસ

ફ્રેશ ફ્રુટ એક બાઉલ ભરીને (કેળુ, પેર, સફરજન, પાઇનેપલ, કેરી)

રોઝ શરબત.

રીત :- મોળું દહીં કપડામાં બાંધી મસ્કો બનાવો, તેમાં મલાઇ અને ખાંડ નાખી હલાવો, તેમાં ડ્રાયફ્રુટ્સ અને ફ્રેશફ્રુટ તથા રોઝ શરબત એક ચમચો નાખી બધુ ખૂબ હલાવી મીક્સ કરો અને એર ટાઇટ ડબ્બામાં પેક કરી આપો.

**● પમ્પકીન હલવો**

સામગ્રી :-

પમ્પકીન (કોળું) - ૨૫૦ ગ્રામ

માવો - ૨૦૦ ગ્રામ

ખાંડ - એક ચમચો

ઘી - એક કપ

દૂધ - એક કપ

એલચી

બદામ

રીત :- પમ્પકીને છીણીની છીંણી લેવું. કડાઇમાં ઘી મૂકી પમ્પકીનને સાંતળવું તેમાં દૂધ અને માવો નાખી ફલાવવું. ઘટ્ટ થવા આવે એટલે ખાંડ નાખી હલાવવું, ઘટ્ટ થવા આવે ત્યારે તેમાં એલચી તથા બદામની કતરણ કરી થાળીમાં પાથરી, પીસ પાડવા લંચબોક્સ આપવા.

**● ઇન્સ્ટન્ટ લાડુડી**

સામગ્રી :-

મીલ્ક મેઇડ - ૧૦૦ ગ્રામ

ટોપરાનું છીણ - ૧૫૦ ગ્રામ

રોઝ શરબત - એક ચમચો

રીત :- એક બોલમાં વધુ મીક્સ કરી નાના નાના લાડુ વાળી લેવા. લંચબોક્સમાં આપવા. ડ્રાયફ્રુટ્સનો ભુક્કો ઉમેરવો હોય તો ઉમેરી શકાય. લાઇટ પીન્ક કલરના આ લાડુકાઓ મસ્ત લાગે છે.